### કાયદો દરેક માટે સરખો

# અરવલ્લી બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ અને ક્લાર્ક કોર્ટ સંકુલમાં નશાની હાલતમાં ઝડપાયા

**જજ એસ.સી.પટેલ અને તેમનો ક્લાર્ક બી.કે.વીજ નશાની હાલતમાં મોડાસા ટાઉન પોલીસે ઝડપી લેતા કોર્ટ સંકુલ સહીત જીલ્લામાં સન્નાટો**




મોડાસા, તા. ૧૦

ગુજરાતમાં દારૂ બંધીનો કડક કાયદો અમલમાં આવ્યા પછી પણ રાજ્યમાં દેશી-વિદેશી દારૂ મોટી માત્રામાં વેચાણ થઇ રહ્યો હોવાની સાથે પોલીસ કબ્જે લઇ રહી છે સામાન્ય રીતે ન્યાય પ્રજા તંત્રથી થાકે ત્યારે ન્યાયની ગુહાર કોર્ટમાં લગાવતી હોય છે અને કોર્ટ દ્વારા લોકોને ન્યાય મળી રહેતા ન્યાયની દેવી પર પૂરો ભરશો છે મોડાસા શહેરમાં અરવલ્લી જીલ્લા સેવાસદન સામે આવેલ દીવાની અને ફોજદારી અદાલતો નું સંકુલ આવેલું છે જેમાં અરવલ્લી બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ અને ક્લાર્ક નશાની હાલતમાં મિટિંગ હૉલમાં બિભસ્ત વર્તન કરતા ભારે ચકચાર મચી હતી મોડાસા ટાઉન પોલીસ કોર્ટ સંકુલમાં પહોંચી બંનેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલા ન્યાય મંદિરમાં સોમવારે સાંજના સુમારે અરવલ્લી બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ એસ.સી.પટેલ અને ક્લાર્ક બી.કે.વીજ ચાલુ ફરજ દરમિયાન નશાની હાલતમાં બેફામ બની જજ સાહેબની મિટિંગ રૂમમાં બિભસ્ત વર્તન કરતા અન્ય કર્મીઓ ચોકી ઉઠ્યા હતા અને મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ટાઉન પીઆઇ વાઘેલા તેમની ટીમ સાથે પહોંચી જજ એસ.સી.પટેલ અને ક્લાર્ક બી.કે.વીજની અટક્યાત કરી હતી ટાઉન પોલીસ માટે પણ જજ અને ક્લાર્કને નશાની હાલતમાં ઝડપી પાડવા પડકારજનક સ્થિતિનું નિર્માણ થયું હતું મોડાસા ટાઉન પોલીસે કોર્ટ સંકુલમાં નશાની હાલતમાં રહેલા જજ અને તેમના ક્લાર્કની અટકાયત કરતા સમગ્ર સંકુલમાં સન્નાટો વાપી ગયો હતો.

મોડાસા ટાઉન પોલીસે ડીસ્ટ્રીકટ કોર્ટ રજીસ્ટ્રાર વિજયભાઈ ડાહ્યાભાઈ ભગતની ફરિયાદના આધારે અરવલ્લી બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ એસ.સી.પટેલ અને ક્લાર્ક બી.કે.વીજ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### પ્રા.શાળાના શિક્ષકોએ ઈજનેરી મગજથી કમાલ કરી દેખાડી

# માધવગઢ પ્રા. શાળામાં નોનયુઝ ઓરડાની દિવાલોનો ઉપયોગ કરી બાળકો માટે ભવ્ય સાંસ્કૃતિક હોલ તૈયાર કર્યો

**આધુનિક સુવિધાવાળી ખાનગી શાળાને પણ ટક્કર મારે તેવી વ્યવસ્થા ઉભી કરી**





બાયડ, તા.૧૦

ડગલે ને પગલે સરકારી શાળાઓની ભૌતિક સુવિધા અને શિક્ષકોની ટીકા થતી રહી છે. પરંતુ ક્યારેક પ્રા.શાળાના શિક્ષકો કમાલ કરે ત્યારે સમગ્ર પ્રા.શિક્ષક આલમની વાહવાહી થતી હોય છે. બાયડ તાલુકાના માધવગઢ (માધવકંપા) પ્રા.શાળાના શિક્ષકોના ઈજનેરી દિમાગે કમાલ કરી દેખાડી છે. નોનયુઝ થયેલા ઓરડાની ૨ દિવાલો ઉભી રાખ્યા પછી લોકભાગીદારીથી ગામના બાળકોના સંસ્મરણોને તાજા રાખવા માટે ભવ્ય સાંસ્કૃતિક હોલ તૈયાર કર્યો. ૩ વર્ષની જહેમત પછી સાંસ્કૃતિક હોલમાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને દંગ કર્યા હતા. ગ્રામજનોએ પણ શાળાના શિક્ષકોનો શાળા પ્રેમની મુક્તકંઠે પ્રસંશા કરી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકારી શાળાઓના વર્ષો જૂના ઓરડા જર્જરીત થાય એટલે રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગના ડી.પી.ઈ.પી. મારફતે ચકાસણી પછી ઓરડાઓને નોનયુઝ કરી કાટમાળ વેચી દેવામાં આવે છે અને પછી ત્યાં નવીન સુવિધાયુક્ત ઓરડા તૈયાર કરવામાં આવે છે અને બાળકોને શિક્ષણ આપવામાં આવતું હોય છે. બાયડ તાલુકાની માધવકંપા પ્રા.શાળાના કેટલાક ઓરડા નોનયુઝ થઈ ગયા અને ત્યાં બાંધકામ વિભાગ દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું પરંતુ શિક્ષકોએ નોનયુઝ થયેલા રુમોની ૨ દિવાલો અકબંધ રહેવા દીધી અને પછી તો શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઈસકી ગોદ મેં પલતે હૈ..એવા ચાણક્યના કથનને પરીપૂર્ણ કરી દેખાડયું. નોનયુઝ થયેલા ઓરડાની બે દિવાલો આમેય નકામી હતી પરંતુ જો તે બે દિવાલોના સહારે ભવ્ય સાંસ્કૃતિક હોલ બનાવવામાં આવે તો..?? શાળાના મુખ્ય શિક્ષક અનિલભાઈ લાલજીભાઈ પટેલ અને સ્ટાફે આ બાબતે ગહન ચર્ચા કરી અને જરુરી ખર્ચ માટે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સમક્ષ વાત મૂકવાનો નિર્ધાર થયો અને જોત જોતામાં રુ ૪,૩૭,૦૦૦નું દાન મળ્યા પછી જાતે જ શ્રમયજ્ઞ શરુ કર્યો અને મહેનત રંગ લાવી હોય તેમ ભવ્ય સાંસ્કૃતિક હોલ તૈયાર થઈ ગયો. અત્યારે સાંસ્કૃતિક હોલમાં શિક્ષણ સિવાયની અનેક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને બાળકોમાં રહેલા ટેલેન્ટને બહાર લાવવા માટેના અનેક કાર્યક્રમો આયોજીત થઈ રહ્યા છે. માધવકંપાની સરકારી પ્રા.શાળામાં શિક્ષકોએ સ્વયં ત્તથી બનાવેલો સાંસ્કૃતિક હોલ સમગ્ર પ્રા.શિક્ષકો માટે ગર્વ લેવા જેવી બાબત બની રહ્યો છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ માધવકંપા શાળાના શિક્ષકોએ કરેલા પ્રયાસથી અશક્ય કામ શક્ય બન્યું તેવા ઉદાહરણો આપી અનેક શાળાઓના નોનયુઝ ઓરડાઓનો યોગ્ય ઉપયોગ થાય તો બાળકો અને ગ્રામજનોને વધુ સુવિધાઓ મળે તેમ જણાવી રહ્યા છે.

**શિક્ષણની ગુણવત્તા સુધરતાં અનેક બાળકોએ ખાનગી શાળાનો અભ્યાસ છોડ્યો**

બાયડ તાલુકાની માધવગઢ પ્રા.શાળાના કેટલાક પ્રા.શિક્ષકો જણાવી રહ્યા છે કે સરકારી શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તમામ પ્રકારની ભૌતિક સુવિધાથી ગામના અનેક વાલીઓને શાળામાં બોલાવી સંવાદ કર્યો અને તેના ફલ સ્વરુપે અનેક વાલીઓએ પોતાના બાળકોને ખાનગી શાળામાંથી પાછા સરકારી શાળામાં મૂકતાં અમારો ઉત્સાહ પણ બેવડાયો છે.

# સાંપડ ખાતે નવચંડી યજ્ઞ યોજાયો

**બાવનગોળ જન ક્ષત્રિય જણસારી સમાજ આયોજીત નવચંડી યજ્ઞ સમારોહ યોજાયો : સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા : યજ્ઞના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી**





પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સાંપડ ખાતે બાવનગોળ જન ક્ષત્રિય જણસારી સમાજ આયોજીત નવચંડી યજ્ઞ સમારોહ યોજાયો. પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ મહાકાલી મંદિર ખાતે બાવન ગોળ જન ક્ષત્રિય જણસારી સમાજ આયોજીત નવચંડી યજ્ઞ સમારોહ યોજાયો હતો જેમા પ્રાંતિજ સહિત તાલુકામા રહેતા તથા બહાર રહેતા સમાજ ના લોકો પોતાના ધંધા રોજગાર બંધ રાખીને નવચંડી યજ્ઞ સમારોહ મા ઉપસ્થિત રહ્યા હતા તો મુખ્ય યજમાન તરીકે સમાજ ના પ્રમુખ દિપકભાઈ રણછોડદાસ ચૌહાણ ગાંધીનગર દ્વારા લાભ લીધો હતો તો સહ યજમાન પદે ગોવિંદભાઈ પિતાંબરદાસ ચૌહાણ રહે હિંમતનગર, જગદીશભાઈ જેઠાભાઈ ચૌહાણ રહે પ્રાંતિજ, ધનશ્યામભાઈ મીઠાલાલ જણસારી રહે ગાંધીનગર, સુરેશભાઈ રેવનદાસ ચૌહાણ રહે હાટકેશ્વર, કિશનકુમાર ગીરીશભાઈ ચૌહાણ રહે નરોડા દ્વારા લાભ લીધો હતો તો સમાજ ના પ્રમુખ સહિત મંત્રી તથા સમાજ ના હોદેદારો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો સમાજ ના લોકો પણ ઉપસ્થિત રહી યજ્ઞના દર્શન કરી પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી તો વ્યવસ્થા કમીટી દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# પાલનપુરમાં બંધ મકાનમાંબનેવીએ સાળાના ઘરમાં ખાતર પાડ્યુ

**સાળાએ રૂ.૩ લાખ ઉંછીના લીધા હતા.જેમાંથી રૂ.૮૦ હજાર વતનમાં મોકલાવ્યા હતા અને ૨,૨૦,૦૦૦ ઘર મુક્યા**

પાલનપુર તા.૧૦

પાલનપુર માનસરોવર રોડ પર વેલ અગ્રેસન સોસાયટી સામે બંધ મકાનમાંથી બનેવીએ સાળાના બંધ મકાનમાંથી રૂ.૨ લાખ ઉપરાંતની ચોરી કરી હોવા થી પોલીસે બનેવીની અટકાયત કરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી .જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર માનસરોવર અગ્રેસન સોસાયટી સામે રહેતા અને મુળ સંતનગર ભુરાડી પરશુરામ કોલોની દિલ્હીના વતની હાલ પાલનપુરમાં લુહારીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવતા શ્રવણસિંગ જતનસિંગ લુહારના વતનમાં મકાનનું કામ ચાલતુ હોવાથી તેમને પૈસાનુ જરૂર હોવાથી ગઈ તા.૨ મે ૨૦૨૩ના રોજ તેમના મિત્ર પાસેથી રૂ.૩ લાખ ઉછીના લીધા હતા.જેમાંથી રૂ.૮૦ હજાર વતનમાં મોકલ્યા હતા.તેમજ બાકિના ૨,૨૦,૦૦૦ તેમના ઘરે તિજોરીમાં મુકેલા હતા.ગઈ તા.૪ મે ૨૦૨૩ના રોજ શ્રવણસિંગ અને તેમના જીજાજી ધંધાર્થે ગયા હતા.અને સાંજે ઘરે આવ્યા તે સમયે તેમના મકાનના પાછળના ભાગનો દરવાજો તુટેલો હતો.અને અંદર પડેલ તિજોરીમાંથી રૂ.૨,૨૦,૦૦૦ની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો.જેથી શ્રવણસિંગએ પશ્ચિમ પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ચોરીની ફરીયાદ નોંધાવતા પશ્ચિમ પોલીસ મથકના પી.આઈ આર.બી.ગોહીલ,પી.એસ.આઈ એલ.જે.વાળાએ ટીમ સાથે ચોરીનો ભેદ ઉકેલ્યો છે. આ રકમ શ્રવણસિંહના બનેવી ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના જાની તાલુકાના કિઠોલીના ગુરદિપસિંહ મનોજસિંહ લુહારે ચોરી હતી. તેની અટકાયત કરવામાં આવી છે.

# ડીસાના કૂંપટ ગામે પ્રેમલગ્ન કરનાર યુવકના પિતા અને ભાઈનું અપહરણ

**પોલીસે રાતભર શોધખોળ કરી અપહરણકારોની ચુંગાલમાંથી બન્નેને છોડાવ્યા**

ડીસા,તા. ૧૦

ડીસા તાલુકાના કૂંપટ ગામનો યુવક એક યુવતીને ભગાડી જતા યુવતીના પરિવારજનોએ યુવકના પિતા અને ભાઈનું અપરહણ કરી અલગ અલગ જગ્યાએ ગોંધી રાખી માર માર્યો હતો. જે મામલે ડીસા તાલુકા પોલીસે આખી રાત શોધખોળ આદરી બન્નેને અપરહણકારોની ચુંગાલમાંથી છોડાવી પાંચ લોકોની અટકાયત કરી છે. આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના કૂંપટ ગામે રહેતા સંજય વાઘેલાને ઊંઝા તાલુકાના એક ગામની યુવતી સાથે પ્રેમસબન્ધ હતો. અગાઉ પણ બેથી ત્રણ વખત તે યુવતીને ભગાડી પોતાના ઘરે લાવ્યો હતો પરંતુ યુવકના પરિવારજનો તેણીને સમજાવી પરત મોકલી દેતા હતા. ત્યારબાદ ફરીથી સંજય યુવતીને લગ્ન કરવાને ઈરાદે ભગાડી ગયો હતો. જેથી યુવતીના પિતા કાંતિજી ઠાકોર અને નિકુલજી ઠાકોર સહિત આઠથી દસ લોકો એક સ્વીફટ અને ઈકો કાર લઈ સંજયના ઘરે કૂંપટ પહોંચ્યા હતા અને તેમની દીકરીને પરત નહિ સોંપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી સંજયના ભાઈ મુકેશ અને પિતા ચમનજી વાઘેલાને ગાડીમાં બેસાડી અપહરણ કરી ગયા હતા. ત્યારબાદ બન્નેને મૂડેઠા,વિશોલ, નાની દાઉ અને કુંણઘેર સહિત અલગ અલગ જગ્યાએ લઈ જઈ એક ખેતરના બોર ઉપર બાંધી માર મારી ગોંધી રાખ્યા હતા. તે દરમિયાન મુકેશ અને ચમનજી વાઘેલાનું અપરહણ થયું હોવાની ફરિયાદ નોંધાતા ડીસા તાલુકા પીઆઈ એસ. એમ. પટણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સહિતની ટીમોએ રાતભર શોધખોળ આદરી હતી અને વહેલી સવારે અપહરણકારોને ઝડપી લઈ યુવકના પિતા અને ભાઈને છોડાવ્યા હતા. પોલીસે આ મામલે અપહરણ કરનાર પાંચ લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ દ્વારા આયોજીત ૧૦મો સમુહ લગ્નોત્સવમાં ૨૫ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પગરણ માંડ્યા



ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલીમાં ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ ધ્વારા આયોજીત ૧૦મો સમુહ લગ્નોત્સવ દરમિયાન ૨૫ નવદંપતીઓએ શુભ મુહૂર્તમાં પ્રભુતામાં કુંમ-કુંમ પગરણ માંડ્યા હતા.દાનવીર દાતાઓએ નવદંપતીઓને આશીર્વાદ આપી ઘર-વખરીની વિવિધ ચીજ - વસ્તુઓની ભેટ સોગાદો આપી હતી. સમુહ લગ્નોત્સવ પ્રસંગે મુખ્ય અતિથી વિશેષ મહેમાન પી.સી.બરંડા ધારાસભ્ય ભિલોડા-મેઘરજ,સમારંભ અધ્યક્ષ ભવાનસિંહ ઠાકોર મહામંત્રી ભિલોડા તાલુકા ભાજપ સંગઠન,શૈલેષભાઈ એચ.બામણીયા,સમારંભ ઉદ્દઘાટક બારેશી ઠાકોર સમાજ ભિલોડા પ્રમુખ મગનલાલ ઠાકોર,મંત્રી લખાભાઈ ઠાકોર,મહેમાન મગનજી ડી.ઠાકોર પ્રમુખ ઠાકોર સેના,સાંકાજી કે.ઠાકોર મંત્રી ઠાકોર સેના,સમુહ લગ્ન સમિતિ, નવદંપતીઓના માતા-પિતા, ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ,નવયુવક મિત્ર મંડળ,ગ્રામજનો નારણપુર-નારસોલી,(ક્રિકેટ ટીમ-નારણપુર),જી.કે.ટી.એસ. ઠાકોર સેના,ભિલોડા,શૈક્ષણિક યુવા વિચાર મંચ, ભિલોડા સહિત ઠાકોર સમાજના સર્વે સામાજીક આગેવાનોએ સમુહ લગ્નોત્સવ કાર્યક્રમ ઉત્સાહભેર સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમુહ લગ્નોત્સવ એટલે સમાજ એક તાંતણે બંધાઈ,સમય અને નાંણાનો વ્યય અટકે,ઓછા ખર્ચમાં નવદંપતીઓને એક જ માંડવે આશીર્વાદ અર્પણ કરવાનો એક સોનેરી સારો અવસર એટલે સમુહ લગ્નોત્સવ કાર્યક્રમ આનંદ ઉલ્લાસભેર યોજાયો હતો.

### પ્રાંતિજ ખાતે રીક્ષા ચાલક સામે પોલીસ ફરિયાદ થઈ

# રીક્ષા ચાલક રીક્ષા ફુલફાસ્ટ હંકારી રોડની સાઈડમાં ઉભેલ એકટીવાને ટક્કર મારી

**કહેવા જતા રીક્ષા ચાલકે ગાળો-બોલી મારઝૂડ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી : રીક્ષા ચાલકે છુટો કપ મારતા લોહી નિકળતા સારવાર અર્થે ખસેડાયા**

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રીક્ષા ચાલકે રીક્ષા ફુલફાસ્ટ હંકારી લાવી એક્ટીવા ને ટક્કર મારતા એક્ટીવા ચાલક કહેવાજતા ગાળોબોલી મારઝૂડ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા રીક્ષા ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ ના મજરા ખાતે રહેતા રણજીતસિંહ કચરસિંહ મકવાણા કે જેવો તારીખ ૯|૫|૨૦૨૩ ના રોજ બપોર ના ત્રણ વાગ્યે તેમના કાકા કાનસિંહ મોતીસિંહ મકવાણા બન્ને જણા તેમના કુંટુબી ભાઈ ની દિકરી ના લગ્ન હોય લગ્ન ની ખરીદી કરવા સારૂ પ્રાંતિજ બજાર મા આવેલ હતા અને પ્રાંતિજ બજાર વિસ્તાર મા આવેલ ચા ની કીટલી પાસે રોડ ની સાઈડ મા એક્ટીવા પાર્ક કરી ચા પીવા ઉભા હતા તે દરમ્યાન એક રીક્ષા ચાલક પોતાની રીક્ષા ફુલફાસ્ટ અને બેદરકારી ગફલત ભરી રીતે હંકારી લાવી રોડ ની સાઈડ માં ઉભી રાખેલરાખેલી એક્ટીવા ને પાછળથી ટક્કર મારી આગળ જતા રહેતા રણજીતસિંહ મકવાણા દ્વારા રીક્ષા ચાલક ને કહ્યુ કે આટલો બધો રોડ છે છતાંય એક્ટીવા ને પાછળ ટક્કર મારી જેથી રીક્ષા ચાલક રીક્ષા માંથી ઉતરી રણજીતસિંહ મકવાણા સાથે બોલાચાલી કરવા લાગેલ અને આગળ જઈ ને તેની સાથે રીક્ષા મા ત્રણેક ઈસમો ને લઈ આવેલ અને રણજીતસિંહ મકવાણા દ્વારા આવેલ ત્રણેય જણાને હકીકત કહેતા તે લોકો કાઈ પણ બોલ્યા પણ ના હતા પણ રીક્ષા ચાલક રણજીતસિંહ મકવાણા સાથે જેમ ફાવે તેમ અપશબ્દો બોલવા લાગેલ અને કહેવા લાગ્યો કે પ્રાંતિજ બજારમાં ખરીદી કરવા આવ્યા છો તો શાંન્તિ થી ખરીદી કરી નિકળી જાઓ નહીતો જાનથી મારી નાખીશુ તેમ કહેવા રણજીતસિંહ મકવાણાએ બોલાચાલી કરવાનુ ના પાડતા મારઝૂડ કરવા લાગેલ અને બાજુ મા રહેલ ચાની કીટલી ઉપર રહેલ કાચનો કપ છુટો માર્યો હતો તો રણજીતસિંહ મકવાણા ને હોઠની નીચે દાઢીના ભાગે વાગતા લોહી નિકળ્યુ અને તે સમયે પણ રીક્ષા ચાલક રણજીતસિંહ મકવાણા તથા તેમના કાકા કાનસિંહ મકવાણા ને કહેવા લાગેલ કે પ્રાંતિજ માં પાછો ક્યાય જોવા મળશો તો જાનથી મારી નાખીશ તેમ કહી રીક્ષા ચાલક જતો રહ્યો હતો તો રણજીતસિંહ ને ઈજાઓ પોહચતા તેવોને સારવાર માટે પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામા આવ્યા હતા અને ત્યારબાદ સારવાર લઈ ને રણજીતસિંહ મકવાણા રહે. મજરા, આબંલીવાસ તા. પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા રીક્ષા ચાલક ઓવેશમીયા ફિરોઝમીયા સુમરા રહે સુમરવાસ ગ્રામ પ્રાંતિજ તા. પ્રાંતિજ જિ સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા આઈપીસીકલમ ૨૭૯, ૩૨૩, ૩૩૭, ૫૦૫,૫૦૬ (૨) તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી) મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી.

# માવઠાની વિપરીત અસર, જિલ્લામાં ઠંડાપીણા, આઈસ્ક્રીમના વેચાણમાં ૩૦ ટકાથી વધુનો ઘટાડો

**આકરા ઉનાળાની સંભાવનાથી માલ સ્ટોક કરનારા વેપારીઓના ગણિત ઉંધા પડ્યા**

બાયડ તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માવઠાની વિપરીત અસરો ખેતી પછી હવે વિવિધ ધંધા-રોજગાર ઉપર હાવિ થઈ છે. સતત માવઠાના કહેરના કારણે જિલ્લામાં પાછલા ૨ મહિના દરમ્યાન આઈસ્ક્રીમ, ઠંડા પીણા સહિત ઠંડક આપતા ઉપકરણોના વેચાણમાં નોંધાપાત્ર ઘટાડો નોંધાતાં અનેક વેપારીઓએ વ્યાજનાં મીટર ફરવા લાગ્યાં છે. આકરા ઉનાળાની સંભાવનાથી માલ સ્ટોક કરનારા અસંખ્ય વેપારીઓના ગણિત ઉંધા થયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે માર્ચ અને એપ્રિલ મહિનામાં કમોસમી માવઠાના કારણે ઠંડા પીણાનું વેચાણ ધાર્યા પ્રમાણે ન થતાં જે તે કંપનીની ફ્રેન્ચાઈજી લેનારા વેપારીઓની હાલત કફોડી થઈ છે. જ્યારે અન્ય ઠંડક આપતા ઉપકરણોમાં પણ આવી સ્થિતિ આવી છે. પાછલા દાયકાઓમાં ક્યારેય ઉનાળાના માર્ચ, એપ્રિલ અને મે. મહિનામાં સળંગ માવઠાં વરસતાં હોય તેવું ક્યારેય બન્યું નથી. પ્રથમવાર આવું બનતાં ક્લાઈમેટ ચેન્જની ગંભીર અસરોમાંથી દેશ પસાર થઈ રહ્યો છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. જિલ્લામાં એ.સી. વેચતા અનેક વેપારીઓએ આ વર્ષે ધંધામાં વર્ષ નબળું હોવાનો એકરાર કરી રહ્યા છે. કેટલાક વેપારીઓએ તો જાણીતી કંપનીઓના ૧૦૦થી ૫૦૦ સુધીના એ.સી. જથ્થાબંધ ખરીદી આકરા ઉનાળામાં ફટાફટ વેચાણ થશે તેવું ગણિત માંડી લાખો રુપિયાનું મૂડી રોકાણ કર્યું પરંતુ હવે વ્યાજ તો ઠીક પરંતુ મૂડી પણ ઝડપથી છૂટી થાય તેવા કોઈ અણસાર દેખાતા નથી અને હવે રાજ્યમાં જે પ્રકારે કમોસમી માવઠાની આગાહી થઈ રહી છે તે જોતાં ઉનાળામાં સીઝનેબલ વેપાર કરતા ધંધાર્થીઓના બૂરે દિનની શરુઆત હોય તેવું જણાય છે.

**જિલ્લામાં સવા બે મહિનામાં : માવઠાં વરસ્યાં**

જિલ્લા ફલડ વિભાગના સૂત્રોનું માનીએ તો માર્ચ થી મે. સુધીના સવા બે મહિનાના સમયગાળા દરમ્યાન ૬ વખત માવઠાં વરસ્યાં છે અને ખાસ કરીને માર્ચ મહિનામાં વરસેલા કમોસમી માવઠાંથી ખેતી પાકને વધુ નુકસાન થયું હતું.